## સુરત મહાનગરપાલિકા

**મોજે : પરવટ–ગોડાદરા વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૬૧(પરવટ–ગોડાદરા) તૈયાર કરવા બાબત.**

## અધિસુચન

ગુજરાત સરકાર,શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,ગાંધીનગરના તા.૨૭/૧૨/૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ–૧૧૨૦૦૬–૨૭૯૫–વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ની કલમ–૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકા ને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)ની કલમ–૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૧૩ / ૨૦૦૮, તા. ૦૫ – ૦૩ –૨૦૦૮થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૬૧ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ પરવટ–ગોડાદરા વિસ્તાર માટે નગર રચના યોજના, સુરત નં.૬૧(પરવટ–ગોડાદરા) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત
તા.૨૬–૦૩–૨૦૦૮.

કમિશનર
સુરત મહાનગરપાલિકા

## ઠરાવ :–

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૦૫–૦૩ –૨૦૦૮નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

xxxxxxxxx

મ્યુ. કમિશનરશ્રીના તા. ૨૯ – ૦૨ –૨૦૦૮ ના પત્ર નં.સી.મી.સ./ ૮ / ૪૨ થી વિદિત થઈ, સૂચિત નગર રચના યોજના, સુરત નં.૬૧(પરવટ–ગોડાદરા) તૈયાર કરવા અંગે ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના, સુરત નં.૬૧(પરવટ–ગોડાદરા) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું, તથા સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૧૩ / ૨૦૦૮ સર્વાનુમતે મંજુર